**ક્રિ. ઈન્કવાયરી નંબર ૩૫૦૧૦૬૪/૨૦૧૧**

**આંક–૦૧. લગત હુકમ**

ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા, ફરીયાદ, રજુ થયેલ દસ્તાવેજી આધારો તથા કેસનું રેકર્ડ ધ્યાને લીધા. તકરારી ચેક, રીટર્ન મેમો તથા ફરીયાદની કીકતો ધ્યાને લેતાં, ફરીયાદીની બેંક અત્રેની અદાલતની હકુમતમાં આવતી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. વધુમાં તકરારી ચેક, રીટર્ન મેમો, નોટીસ, એકનોલેજમેન્ટ તથા ફરીયાદની હકીકતો ધ્યાને લેતા ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. વધુમાં ફરીયાદી તરફે દલીલ કરેલ છે કે, તકરારી ચેકમાં જે વ્યકિતની સહી છે તે વ્યકિતને જ આરોપી તરીકે જોડવામાં આવેલ છે, રેકર્ડ જોતાં ફરીયાદીએ આ હકીકત સોગંદ ઉપર પણ જણાવેલ હોય હાલના તબકકે ફરીયાદીની રજુઆત ન માનવાને કારણ નથી. ફરીયાદી તરફે દલીલ કરેલ છે કે નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ ૧૪૨ મુજબ આરોપી સામે ગુનાનું કોગ્નીઝન્સ લેવા પુરતો પુરાવો હોય સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવા રજુઆત કરેલ છે. આ તબકકે કલમ ૧૪૨ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**142 Cognizance of offences -** Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974)

(a) no court shall take cognizance of any offence punishable under section 138 except upon a complaint, in writing, made by payee or, as the case may be, the holder in due course of the cheque;

(b) such compaint is made withing one month of date on which the cause of action arises under clause (c) of the proviso to section 138.

[Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainnt satisfies the Court that he had sufficient cause for not making a complaint wihtin such period.]

(c) no court inferior to that of a Metropolitan Magistrate or a Judicial Magistrate of the first class shall try any offence punishable under section 138.

આમ, સદર જોગવાઈ ધ્યાને લેતાં આરોપી સામે કલમ ૧૩૮ મુજબના ગુનાનું કોગ્નીઝન્સ લેવા પુરતો પુરાવો રેકર્ડ પર હોય તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે ઈન્ડીયન બેન્ક એસોસીએશનના કેસમાં આપેલ માર્ગદર્શિકા ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:હુ ક મ:-

(૧) આ કામે ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા બાદ તેમજ ફરીયાદ, સોગંદનામું તથા દ.પુ. લીસ્ટ અને સોગંદ પર જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં હાલની ફરીયાદમાં જણાવેલ આરોપી સામે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોય જેથી, હાલની ફરીયાદને ફરીયાદ રજીસ્ટ્રરમાં નોંધાવનો હુકમ કરવામાં આવે છે અને ક્રિમીનીલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ મુજબની ઈન્કવાયરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ ના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી થવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૪(એ) ની જોગવાઈ મુજબનો હવે પછીની મુદત તા. ................ ના રોજ હાજર રહેવા માટેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફરીયાદપક્ષે ફરીયાદની સાથે સામેલ રાખેલ હોય તે તથા ફરીયાદપક્ષ જેના પર આધાર રાખતા હોય અને રજુ કરેલ હોય તે તમામ દસ્તાવેજોની નકલો એક સેટ કેસની ફાઈલમાં આરોપીની નકલ તરીકે રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ કેસમાં સંકળાયેલ કાયદા તથા હકીકતોની તકરારો જોતાં આ કેસને સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરેલ છે.

(વિનય ડી. મોઢ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કોર્ટ નં.૩૫,
અમદાવાદ.
(જી જે ૦૧૦૩૩)